





આવ્યો શું જમાનો લાગે આતંકીભય પ્રભુને પણ!
રાખે, પ્રધાનોની જેમ, કમાન્ડો વચ્ચે પ્રભુને પણ!
પ્રભુને પણ સાચવે હજારો પોલીસ અધિકારી -
હવે તો પડે છે જરૂર સુરક્ષાની પ્રભુ ને પણ!

બાર વર્ષથી -
કરે છે પક્ષમાં પણ -
પહિંદ વિધિ..

જગન્નાથ ને -
ન જોવાનું જોઇને -
આવી છે આંખો!




## ચિંતન

**ગાઢં ગુણવંતી વિદ્યા ન મુદે વિનયં વિના ।**
**મૂર્ખતાપિ મુદે ભૂયાન્મ હત્સુ વિનયાન્વિતા ॥**

'ભારે ગુણવાળી વિદ્યા પણ વિનય વિના મહાપુરૂષોને આનંદ પ્રદ થતી નથી, જયારે વિનયયુક્ત મૂર્ખતા પણ મહાપુરૂષોને આનંદ ઉપજાવનારી થાય છે.'

વિદ્યા વિનય-વિવેકથી જ શોભે છે જ્ઞાની માણસ ક્રોધી સ્વભાવનો હોય અને વાત-વાતમાં, સમજ્યા વિના, ગમે તેનું-બાળક હોય કે વડીલ-અપમાન કરી નાખે - એમની વાત સમજવા **જેટલી પણ ધીરજ-મોટાઇ જો ન દર્શાવી શકે તો એ વિદ્યા-જ્ઞાન-સમજનો શું અર્થ? આવા ક્રોધી** સ્વભાવના અવિવેકી માણસો ભલેને જ્ઞાની હોય છતાં મહાપુરૂષોને એ ગમતા નથી.

જયારે ભલેને અજ્ઞાન-અબૂધ કે નિરક્ષર હોય, ભણતર ન હોય પણ ગણતર હોય, અક્ષરજ્ઞાનની વિદ્યા ભલે ન હોય પણ વિનય-વિવેક સાથે બાળકો-વડીલ સાથેનો એમનો વર્તાવ સદ્ભાવપૂર્ણ અને વિવેકવાળો હોય તો એવા લોકો મહાપુરૂષોની આંખમાં વસી જાય છે એમને ગમે છે.

## સુવિચાર

- 'શિક્ષક' રક્ષક, દર્શક અને સમિક્ષક હોવો જોઇએ - **મોરારી બાપુ**
- નિષ્ઠામાં સ્થિર રહેવું એ પણ એક તપ છે - **યહુદી કહેવત**
- વૃદ્ધાશ્રમ શું સુચવે છે?? પુત્રને પ્રેમ કરો, પુત્ર માટે સંપત્તિ બનાવો. પરંતુ તે સંપત્તિ પુત્રને 'વીલ' થી જ આપો - **જે.એમ.દસ્તૂર**
- ચૂંટણી એટલે વચનોની વસંત - **ટી.એન. શેષાન**
- પગ અટકે તે પહેલાં તીર્થયાત્રા કરી લો, આંખોની દૃષ્ટિ ઓછી થાય તે પહેલાં પોતાના સ્વરૂપને નિહાળી લ્યો - **તરૂણ સાગરજી**
- એક પલ્લામાં લાયકાત અને બીજા પલ્લામાં પ્રાપ્તિ એવી રીતે જીંદગીને વજનનાં કાંટા પર ચડાવવું વ્યાજબી નથી - **કાન્તિ ભટ્ટ**
- માણસે પોતાની માનેલી બધી લાયકાત છતાં મળેલી નિષ્ફળતાઓમાંથી જ એક લાયકાત પેદા થાય છે. જે નવી સફળતા માટે પાયાનું કામ કરે છે - **સ્ટાલીન**

## બોધ કથા

જે માણસે એક ખૂન કર્યું હોય એને પછી માનવ જિંદગીનું મૂલ્ય રહેતું નથી. એક ભૂલ કરનાર અનેક ભૂલ કરે છે. પાપ લક્ષ્મી એકત્ર કરનારને એ 'પાપ' છે એવું જરાય લાગતું નથી. એ લોકો 'ટેવાઇ' જાય છે.

એક સંત એક દુષ્ટ રાજાને ત્યાં પધાર્યા - રાજાએ તેમનું માન-સન્માન કર્યું અને એક રાત રોકાઇ જવા આગ્રહ કર્યો. સંત સાંજ સુધી તો રોકાયા પણ સાંજે રાજાને કહ્યું મારાથી અહીં રાત નહીં રહી શકાય - મારૂં માથું 'સોનાની' દુર્ગંધથી ફાટી પડે છે!

રાજા જરા ચિડાયો પણ બનાવટી વિવેકથી કહ્યું - મહારાજ અમે તો વર્ષોથી આ મહેલ-સમૃદ્ધિમાં રહીએ છીએ - વળી સોનાને તો 'ગંધ' જેવું કંઇ હોય જ નહીં અને હોય તો અમને પણ દુર્ગંધ આવે ને?

સંત કહે મારી સાથે આવો - તેને ચમારવાસમાં લઇ ગયા જયાં પશુઓના ચામડાંની સૂકવણી થતી હતી. ત્યાં રાજાનું દુર્ગંધથી માથું ફાટવા લાગ્યું. સંતને કહે અહીં મારાથી પલવાર પણ નહીં રહી શકાય, ખુબ દુર્ગંધ આવે છે!

સંતે પેલા ચમારને પૂછ્યું તમને આ ચામડાની સૂકવણીની દુર્ગંધ નથી આવતી? ચમાર કહે - ના, અમે તો ટેવાઇ ગયા છીએ - દુર્ગંધ ન આવે!

સંતે રાજાને કહ્યું - સાંભળ્યું ને! જેમ આ ચમાર ચામડાની 'વાસ'થી ટેવાઇ ગયો છે તેમ તમે અલક્ષ્મીની આવક જેવાં એ સોનાની વાસથી ટેવાઇ ગયા છો - પણ મને તો દુર્ગંધ આવે જ છે. રાજા, સંતનો સંકેત સમજી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# થિયરી હેનરી કયા દેશનો સ્ટાર ફૂટબોલ ખેલાડી છે?

### ● વિષય : ખેલ જગત

(૧) અત્યાર સુધીમાં વિશ્વનાં ટોચનાં ટેનિસ ખેલાડી કોણ રહ્યો છે, જેણે સર્વાધિક ૬૫૭ એટીપી મેચ જીતેલ છે?
(અ) પીટ સામ્પ્રાસ (બ) રાફેલ નડાલ (ક) આન્દ્રે અગાસી (ડ) રોજર ફેડરર
(૨) અત્યાર સુધીમાં સચિન તેંડુલકર કેટલી આંતરરાષ્ટ્રીય ટ્વેન્ટી-૨૦ મેચ રમ્યો છે?
(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર
(૩) હાલમાં જ શ્રીલંકાના કયા ખેલાડીએ ટેસ્ટ ક્રિકેટરમાં ૯,૦૦૦ રન પૂરા કર્યા હતા?
(અ) પ્રસન્ના જયવર્દને (બ) માહેલા જયવર્દને (ક) દિલશાને (ડ) સંગાકારાએ
૪) હાલમાં જ કયા દેશનાં ખેલાડીઓએ ટેસ્ટ ક્રિકેટમાં છઠ્ઠી વિકેટની ભાગીદારીનો ૭૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો?
(અ) ભારત (બ) શ્રીલંકા (ક) ઓસ્ટ્રેલિયા (ડ) વેસ્ટઈન્ડિઝ
(૫) સચિન તેંડુલકર પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર ભારતીય ખેલાડી કોણ છે?
(અ) સુનિલ ગવાસ્કર (બ) સૌરવ ગાંગુલી (ક) વી.વી.એસ.લક્ષ્મણ (ડ) રાહુલ દ્રવિડ
(૬) હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૮,૦૦૦થી વધુ રન કરનાર કેટલા ભારતીય ખેલાડીઓ છે?
(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ
(૭) અત્યાર સુધીમાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતની ભૂમિ પર સૌથી વધુ રન કરવાનો રેકોર્ડ કયા દેશનો છે?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) વેસ્ટઈન્ડીઝ (ક) શ્રીલંકા (ડ) ઈંગ્લેન્ડ
(૮) થિયરી હેનરી કયા દેશનો સ્ટાર ફૂટબોલ ખેલાડી છે?
(અ) ઈટાલી (બ) આયર્લેન્ડ (ક) ફ્રાન્સ (ડ) જર્મની
(૯) મેડિસિન ક્ષેત્રે અનુસ્તાનક ડિગ્રી ધરાવનાર પ્રખ્યાત બોડી-બિલ્ડર અને વેઈટ લિફ્ટર કોણ હતો?
(અ) વેદપ્રકાશ ઢાંક (બ) સુનિલકુમાર પત્રા
(ક) પ્રેમચંદ ડેગરા (ડ) પરિમલ રોય
(૧૦) ૨૦૨૦માં ઓલિમ્પિક ગેમ્સ ભારતને યોજવા મળે તે માટે ભારતે કોને વિનંતી કરી છે?
(અ) ઈન્ટરનેશનલ એમેચ્યોર એથ્લેટિક્સ ફેડરેશન
(બ) ઓલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા
(ક) સંયુક્ત રાષ્ટ્રસંઘ (ડ) ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી
(૧૧) ક્રિકેટ ટીમ ઈન્ડિયાના ચાર વર્ષના પ્રાયોજક બનવા બદલ સહારા કંપનીએ ભારતીય ક્રિકેટબોર્ડને કેટલી રકમ આપી હતી?
(અ) ૩૦૦ કરોડ રૂપિયા (બ) ૩૫૦ કરોડ રૂપિયા
(ક) ૪૦૦ કરોડ રૂપિયા (ડ) ૪૫૦ કરોડ રૂપિયા
(૧૨) હાલમાં જ ભારતીય ક્રિકેટ બોર્ડ કયાં અમ્પાયરને શ્રેષ્ઠ અમ્પાયરનો એવોર્ડ એનાયત કર્યો હતો?
(અ) એસ. વેંકટરાઘવન (બ) જવગલ શ્રીનાથ (ક) સુનિલ ગવાસ્કર (ડ) અમીષા સાહેબા
(૧૩) હાલમાં જ સૌથી વધુ રણજી ટ્રોફી ચેમ્પિયન બનવા બદલ કઈ ટીમનું ભારતીય ક્રિકેટ બોર્ડે સન્માન કર્યું હતું?
(અ) ગુજરાતની ટીમનું (બ) પંજાબી ટીમનું (ક) મુંબઈની ટીમનું (ડ) નવી દિલ્હીની ટીમનું
(૧૪) હાલમાં જ ભારતીય ક્રિકેટ બોર્ડે કયાં ખેલાડીનું લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માન કર્યું હતું?
(અ) મોહિન્દર અમરનાથ (બ) ગૌતમ ગંભીર (ક) સચિન તેંડુલકર (ડ) સૌરવ ગાંગુલી
(૧૫) હાલમાં જ ભારતીય ક્રિકેટ રાહુલ દ્રવિડનું શા માટે સન્માન કર્યું હતું?
(અ) માર્ક વૉના સૌથી વધુ કેચનો વર્લ્ડ રેકોર્ડ તોડવા બદલ
(બ) શ્રેષ્ઠ કેપ્ટન તરીકે (ક) શ્રેષ્ઠ બેટ્સમેન (ડ) શ્રેષ્ઠ વિકેટકીપર તરીકે




### ● વિવિધા ●

વિષય :- ભારતની ભૌગોલિક ખાસિયત

- બંગાળની દિલગીરી : (દામોદર નદી)
- ભૂરા પર્વતો : (નીલગિરિ પર્વતમાળા)
- સુંદર શહેર : (ચંદીગઢ)
- મંદિરો અને ઘાટનું શહેર : (વારાણસી)
- સુવર્ણ મંદિર : (અમૃતસર)
- મહેલોનું શહેર : (કોલકાત્તા, ચંદીગઢ)
- બગીચાનું શહેર : (બેંગ્લોર)
- ભારતનું પ્રવેશદ્વાર : (મુંબઈ)
- પાંચ નદીની ભૂમિ : (પંજાબ)
- ઉગતા સૂર્યની ભૂમ : (અરૂણાચલ પ્રવેશ)
- સૂર્યાસ્તની ભૂમિ : (કન્યાકુમારી)
- ગરીબ માણસોનું ઊટી : (યેરકોડ)
- અરેબિયન સાગરની રાણી : (કોચીન)
- ગુલાબી નગરી : (જયપુર)
- પૂર્વનું સ્કોટલેન્ડ (મેઘાલય)
- મરી-મસાલાના બગીચા : (કેરલ)
- ભારતનું શિકાશો : (પોરબંદર)

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - હાલમાં પંજાબમાં કયા પક્ષનું શાસન છે અને તેના મુખ્યમંત્રી કોણ છે?
જવાબ - શિરોમણી અકાળી દલ : પ્રકાશસિંહ બાદલ

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) કરસુવા વિશ્વાકુમારી હટાદેવા : બોરીજ
(૭) મહેશભાઈ એમ. જાદવ : સે-૩૦

### ● પૂછું એક સવાલ...?

(૧) રાકેશ બી. પ્રજાપતિ : વાવોલથી
પ્રશ્ન - હિન્દુસ્તાન સ્ટીલ લિમિટેડ કંપની કયાં આવેલી છે?
જવાબ - રાંચી (બિહાર)
(૨) પટેલ ધ્રુવ. એમ : સે-૨૬થી
પ્રશ્ન - ભારતની કઇ ટ્રેનનો રેલ્વે માર્ગ સૌથી લાંબો છે?
જવાબ - અમૃતસર કોચવેલી એક્સપ્રેસ - ૩૫૯૭ કિ.મી.
(૩) મેઘા પી. આચાર્ય : સે-૨૮થી
પ્રશ્ન - ધાર્મિક દષ્ટિએ કયાં સાત સ્થળો સાતપુરી કહેવાય છે?
જવાબ - અયોધ્યા, અવંતી, કાશી, કાંચી, દ્વારકા, મથુરા અને હરિદ્વાર
(૪) શાહ મિત. એચ : સે-૬થી
પ્રશ્ન - કેરળ રાજયમાં કઈ ભાષા બોલાય છે?
જવાબ - મલયાલમ
(૫) કશ્યપ એલ. ચાવડા : સે-૧૪થી
પ્રશ્ન - ડિસ્કવરી ઓફ ઈન્ડિયાના લેખક કોણ હતા?
જવાબ - પંડિત જવાહરલાલ નહેરૂ

### ● આ સપ્તાહનો સવાલ...?

**મધ્યપ્રદેશના કયા જાણીતા રાજકીય નેતા સામે થયેલ કથિક આક્ષેપો બદલ મંત્રી મંડળમાંથી પડતા મુકવામાં આવ્યા, તથા પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

(૧) ડ (૨) અ (૩) બ (૪) બ (૫) ડ (૬) બ (૭) ક (૮) ક (૯) અ
(૧૦) ડ (૧૧) ડ (૧૨) ડ (૧૩) ક (૧૪) અ (૧૫) અ

# એક જીવનની લાંબી ઇનિંગ પૂર્ણ થઇ હતી, કામને રામ સમજી ન્યાય આપ્યાનો સંતોષ તેમના મુખ ઉપર પ્રસરેલો હતો

**રીટાયર્ડ રેવાશંકર**

**વાર્તા**
- હર્ષદરાય ઉપાધ્યાય

રેવાશંકર માસ્તરનો આજે વિદાય સમારંભ હતો. પાંત્રીસ વર્ષની શાળામાં નોકરી કર્યા બાદ આજે તેઓ નિવૃત્ત થયા હતા. કંઇ કેટલાય વિદ્યાર્થીઓને તેમણે ભાષાઓનું સરસ જ્ઞાન પીરસ્યું હતું.

સ્ટેજ ઉપર મધ્યમાં બેસવાનો આ પ્રથમ પ્રસંગ હતો. તેમના માટેનો જ કાર્યક્રમ હોય એવો આ પ્રથમ કાર્યક્રમ હતો અને તે પણ જીવનના લાંબા રસ્તાને પૂર્ણ કરવાનાં અંતિમ દિવસે. વસમો સમય હતો. પરંતુ વયનિવૃત્તિને અટકાવી શકાય તેમ ન હતી. કાર્યક્રમ ગંભીર બન્યો હતો. ઘણાની આંખો ભીંની થઇ ગઇ હતી.

સ્નેહાળ અને લાગણીશીલ તથા વિદ્યાર્થી પ્રિય રેવાશંકર એક આદર્શ શિક્ષક હતા. હંમેશા ઝભ્ભા અને લેંગામાં તથા ઉપર ખાદીની બંડી અને માથે સફેદ ટોપી તેમનો પહેરવેશ હતો. મોતીયાનું ઓપરેશન કરાવ્યું હોઇ કાળા તથા જાડા કાચના ચશ્માથી તેમની આંખો મોટી દેખાતી. પરંતુ છતાં તે કદી ડરામણી બની શકી ન હતી. બંડીના ખીસ્સામાં હંમેશા બે પેન હોય જ. ખભે હવે તો થેલો લટકતો થયો હતો. જેમાં બપોરનો નાસ્તો તથા થોડીક દવાઓ અન પરચુરણ વસ્તુઓ હોય.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ આજે પૈસેટકે અથવા હોદ્દાઓ મોટા બન્યા હતા તેઓ પણ હાજર હતા. કાર્યક્રમ પૂરો થયો હતો. રેવાશંકરે ચશ્મા ઊંચા કરી રૂમાલથી બંને આંખો સાફ કરી ઊંડો શ્વાસ લઇ એક નજર સમગ્ર શાળા તથા સૌ ઉપર નાંખી સહેજ હસી સ્ટાફરૂમમાં આવ્યા. સૌને પ્રણામ કર્યા. માફી માંગી અને મળવા આવવા કહેણ કહ્યું અને ભારે હૈયે શાળામાંથી નીકળ્યા હતા. થોડાક નવા શિક્ષકોને ખાસ કાઇ લાગણી જેવું ન હોઇ હસતા હસતા શાળા છોડી ગયા.

રેવાશંકર ઘરે આવ્યા. નિયમિત પ્રવૃત્તિએ વળગ્યા. અને થોડીક ભૂતકાળમાં ઝાંખી કરી ન કરી કે તરત રોજીંદા કામમાં વળગી ગયા. એક જીવનની લાંબી ઇનિંગ પૂર્ણ થઇ હતી. કામને રામ સમજી ન્યાય આપ્યાનો સંતોષ તેમના મુખ ઉપર પ્રસરેલો હતો.

બીજો દિવસ થયો શાળાનો સમય થતાં રેવશંકર તૈયાર થયા અને શાળાએ જવા નીકળ્યા. શાળાએ ઝાંપે પહોંચતાં અચાનક તેમને યાદ આવ્યું કે અરે! હવે મારો સમય પૂરો થઇ ગયો છે. વિદ્યાર્થીઓના નમસ્કારને તેઓ હસીને સ્વીકરતા હતા પરંતુ હૃદય અંદરથી જુદા જ પડઘા પાડતું હતું. બે ઘડી વિચારમાં ખોવાઇ ગયા. શાળાનાં વ્યસ્ત સમયપત્રકમાં કયાંક ખોવાઇ ગયા હતા. અચાનક શાળાનાં ઘંટનાં અવાજે તેમને વિચાર વમળમાંથી બહાર કાઢ્યા. ભરાઇ ગયેલાં આંખનાં ખાબોચીયાં ખાલી કર્યા અને દવાની ચાલે તેઓ પાછા વળ્યા. નજર સમક્ષ કાર્યકાળની ફિલ્મ ચાલવા લાગી. લાં...બી નોકરીના અનુભવો નજર સમક્ષ તરવરવા લાગ્યા.

કેટલું ચાલ્યા તેઓ તેમનો ખ્યાલ ન હતો. પરંતુ ગામની ભાગોળ ગરીબ ઝૂંપડીઓનાં તેમના જૂના વિદ્યાર્થીઓએ જયારે બૂમ પાડીને તેમને નમસ્કાર કર્યા ત્યારે તેઓની વિચારમાળા તૂટી. ત્રણ ચાર અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ તેમની સામે હતા. ગણિતમાં ખૂબ નબળાં હોય તેઓ ત્રણ-ચાર વખત નાપાસ થતાં ભણત છોડી કામધંધાની શોધમાં હતા. રેવાશંકરે તેમને અભ્યાસ ન છોડવા સમજાવવા શરૂ કર્યા.

ત્યાં એક વિદ્યાર્થી બોલ્યો, "સાહેબ, તમારી વાત જુદી છે. તમારી ભણાવવાની રીત, પદ્ધતિને લીધે નબળો વિદ્યાર્થી પણ પાસ થઇ જાય છે. અમારી વાત લ્યો ને? અમે ભાષામાં પાસ છીએ પણ ગણિત સમજાતું જ નથી. શું કરવું કહો? અને, ટ્યૂશન પરવડે તેમ નથી. જાતે આવડતું નથી." વાત સાંભળી સાહેબ, ખીન્ન થયા. વાતમાં સચ્ચાઇ હતી. પણ શું થાય? ખૂદ તેમને જ ગણિત બિલકુલ આવડતું ન હતું. વળી એક છોકરો બોલ્યો, "સાહેબ, તમે તો સરસ ભણાવો છો, તમે ગણિત ભણાવો ને? અમે સૌ જરૂર પાસ થઇ જઇશું. સાહેબ, ભણાવશો?" બાળકોને મન શિક્ષક એટલે સર્વજ્ઞ. માટે તેમણે આમ પૂછ્યું હતું. શું. જવાબ આપવો તે સાહેબને ન સૂઝતાં બોલ્યા, "ઠીક છે, પણ જુઓ, હું નિવૃત્ત થયો છું, ઘણું કામ છે માટે સમય મળ્યે તમને જાણ કરીશ." બાળકો ખૂશ થયા.

રેવાશંકરે જોયું કે પોતાના જૂઠા સાંત્વન ને લીધે પણ બાળકોનાં હૃદયમાં નવી આશા જન્મી હતી પણ શું કરવું? ગણિત તો બિલકુલ ફાવતું નથી. પણ અચાનક તેમને થયું, ભણવાની કોઇ ઉંમર હોતી નથી. ત્યાંથી સીધા બજારમાં ગયા અને ગણિતનાં પુસ્તકો અને સ્લેટ-પેન કરીદાં. કેમ કે વારંવાર ભૂંસવાનું થવાનું હતું.

નિવૃત્ત શિક્ષક વિદ્યાર્થી બની રહ્યો હતો. ઘણી માથાઝીંકને અંતે પહેલું પ્રકરણ આવડ્યું અને પછી તો આદર્શ શિક્ષકને ગણિતની મેથર્ડ સમજાવા લાગી. બુદ્ધિ મદદે આવી સમજણ કામે વળગી અને થોડાક અઠવાડિયામાં ગણિત આવડવા લાગ્યું હતું.

તરત તેઓએ પેલા નાપાસ ગરીબ વિદ્યાર્થીઓને બોલાવ્યા અને પોતાની રસાળ રીતથી ગણિત શિખવવું શરૂ કર્યું. ઘેર જાતે ભણવું અને સાંજે બાળકોને મફત ભણાવવું તે તેમનો નિત્યક્રમ બની ગયો. નિવૃત્ત પછીની જબરદસ્ત પડકારજન્ય પોતાના વ્યવસાયને લગતી પ્રવૃત્તિ હાથ લાગી હતી.

જોતજોતામાં ગણિત ઉપર તેમની મજબૂત પકડ આવવા લાગી હતી. અને વર્ષનાં અંતે પેલા બધા જ વિદ્યાર્થીઓ ગણિત સાથે પાસ થઇ ગયા હતા. તેમનાં આનંદનો પાર ન હતો. ગામમાં રેવાશંકરના ગણિતની ચર્ચા થવા લાગી અને જોતજોતામાં ટ્યુશનની લાઇન લાગવા લાગી. વાજબી ફી અને સાથે રેવાશંકરે ભણાવવું શરૂ કર્યું. નિવૃત્ત પછીનાં પેન્શન ઉપરાંત આ આવકથી તેમણએ આર્થિક સ્થિતિ સુધરી હતી. પરંતુ આ આદર્શ શિક્ષકે ગરીબોને મફત ભણાવવાનું ચાલું રાખ્યું હતું.

આજે પાંસઠ વર્ષે જુવાનને શરમાવે તેવું મહત્ત્વનું જીવન જીવતા આ રેવાશંકર ગણિતના ખાં ગણાય છે. સાચે જ શિખવાની કોઇ જ ઉંમર હોતી નથી.

# રામનાં નામે ૩૬૨૬ અને કૃષ્ણના નામે ૩૩૦૯ ગામો

## દેશનાં પોણા સાત લાગ ગામોનાં નામ પરની ઊડતી નજરે આપેલાં રસપ્રદ તારણ



**સ્થળોનાં નામો કોઈ પણ દેશનાં ઈતિહાસ, કલ્ચર સહિતની બાબતે પ્રકાશ ફેંકે છે, પણ દેશમાં આ વિશેની તજજ્ઞતાનો અભાવ**



'હરિ તારા છે હજાર નામ, કયે નામે લખવી કંકોતરી' એવી ગીતનું મુખડું જાણીતું છે. જેમાં હરિને અનેકવિધ નામોથી ઓળખાવવાની વાત છે. 'યુગોથી રામ અને કૃષ્ણ ભારતવાસીઓનાં હૈયે વસેલા છે. એટલે તેમનાં નામને સાંકળી ગામોનાં નામકરણ થાય તે નવાઇની વાત નથી. અને તેથી સ્તો આ રીતે પડેલાં નામનોની સંખ્યા સેંકડોની છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીની વિગતોમાં, ખાસ તો દેશનાં પોણા સાત લાખ જેટલાં ગામડાઓનાં નામ પર નજર ફેવરતાં એ રસપ્રદ બાબત જોવામાં આવી કે ભગવાન રામનાં નામને સાંકળતા ૩,૬૩૬ ગામો છે, અને તે ય (કેરળને બાદ કરતા) દેશનાં લગભગ તમામ રાજયોમાં આવેલાં છે. તો વળી ભગવાન કૃષ્ણનાં નામને સાંકળતા હોય તેવાં ૩,૩૦૯ છે.'

દેશમાં એવા ૯૨ ગામો છે જેનાં નામ બેંગાલ/બંગાલથી શરૂ થાય છે અને વળી તે તમામ પં.બંગાળ બહાર (મહારાષ્ટ્ર, પંજાબ અને આંધ્ર સહિત) આવેલાં છે. ૩૩ ગામો કેરળ છે, જે કેરળની બહાર મુખ્ત્વે ઉત્તરીય ભાગોમાં આવેલાં છે. સત્તર ગામોનાં નામ પ્રયાગ છે. (જે અલ્હાબાદનું જૂનું નામ છે) (વારાણસીનું જૂનું નામ) છે. તો વળી યુપીની બહાર-મોટા ભાગે મધ્યપ્રદેશ હોય તેવાં ૪૧ ગામનાં નામ આગ્રા છે. ૧૮૯ ગામોનાં નામ બિહારથી શરૂ થાય છે (જેમાંના ૧૭૧ તો બિહારની બહાર છે)

૪૭ ગામોનાં નામ બદરીથી શરૂ થાય છે, તો ૭૫નાં ના કેદારથી અને આ ગામો પૈકી મોટા ભાગનાં યુપી, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ અને બિહારનાં છે.

રામાયણના પાત્રોનાં નામ સાથે સંકળાયેલા ગામોની વાત કરીએ તો ભરત નામવાળા ૧૮૭ ગામો છે, તો લક્ષ્મણના નામે ૧૬૦ તથા હનુમાનના નામે ૩૬૭ અને સીતાના નામે ૭૫ ગામો છે. દેશમાં ઓછામાં ઓછા છ ગામો રાવણનાં નામે છે, તો ૩ તેના પિતા અહીરાવણના નામે (તમામ બિહારમાં) છે. જો કે રાવણના ભાઇ વિભીષણના નામે એકેય ગામ નથી! કર્ણાટક અને આંધ્રનાં કેટલાંક ગામોનાં નામ અયોધ્યા છે.

મહાભારતની વાત કરીએ તો સૌથી લોકપ્રિય નામ કૃષ્ણનું છે. હરિયાણામાં આવેલા અસલ કુરૂક્ષેત્ર સિવાય દેસમાં કોઇ ગામને કુરૂક્ષેત્ર નામ નથી અપાયું. માત્ર બે જ ગામ યુધિષ્ઠિરનાં નામે છે, જયારે ભીમના નામે ૩૮૫ અને અર્જુનનાં નામે ૨૫૯ ગામો છે. ભીષ્મનું નામ અપાયેલું એકમાત્ર ગામ છે ઓરિસ્સાના ગંજમ જિલ્લામાં.

ગાંધીજીના નામ સાથે સંકળાયેલા ૧૧૭ ગામો, જવાહરલાલ નહેરૂનાં નામ સાથે સંકળાયેલા ૭૨ ગામો, બી.આર. આંબેડકરના નામ વાળા ૧૩ ગામો, ઇન્દિરા ગાંધીનાં નામવાળા ૩૬ અને રાજીવન ગાંધીનાં નામવાળા ૧૯ નામો છે, લાલબહાદુર શાસ્ત્રીનાં નામે એકે ય ગામ નથી! અકબરનાં નામે ૨૩૪, તેના દાદા બાબારનાં નામે ૬૨, પિતા હુમાયુનાં નામે ૩૦, શાહજહાંનાં નામે ૫૧, ઔરંગઝેબ નામે ૮ ગામો છે. 'શોલે' થકી મશહૂર નામ રહેલું રામગઢ નામવાળા ૧૬૩ ગામો છે. પીપળી નામે ૨૭ ગામ છે.

સામાન્ય રીતે નામોનો અભ્યાસ, ખાસ કરીને સ્થલોનાં નામોનો અભ્યાસ, કલ્ચર અને સ્થળાંતરોનાં વહેણ પર પ્રકાશ ફેંકે છે. જોકે આપણા દેસમાં આ વિષયે તજજ્ઞતાનો અભાવ રહેલો જોવા મળે છે. નામનો અભ્યાસ ઓનોમેસ્ટિક્સ તરીકે અને સ્થળોનાં નામોની અભ્યાસ ટોપોનિમા તરીકે ઓળખાય છે. ઓરિસ્સા કેડરનાં આઇએએસ અફસર આર. બાલકૃષ્ણન, સ્થળોનાં નામોનાં અભ્યાસ સાથે પચ્ચીસ વર્ષથી સંકલાયેલા છે અને આ વિષયે તેમને અનેક અભ્યાસક્રમો પ્રકાશિત કર્યા છે તેમ જ વિવિધ યુનિવર્સિટીઓમાં વિષયે પ્રવચનો આપ્યાં છે.